# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ ભાવનગરમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

2) બાળકના નામ સાથે હવે પિતાનું નામ રાખવું ફરજિયાત રહેશે નહીં - જન્મ-મરણ રજિસ્ટ્રારે નવી માર્ગદર્શિકા જાહેર કરી.

3) ગુજરાત સહિત ત્રણ રાજ્યમાં બનેલી ડિજિટલ ધરપકડની ઘટનાઓ મામલે CBIના દેશભરમાં 89 સ્થળોએ દરોડા.

4) રાજ્ય સહિત દેશભરમાં કૃષ્ણ જન્માષ્ટમીની શ્રદ્ધા અને હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી.

5) રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

6) અમદાવાદમાં આવતીકાલથી 9 સપ્ટેમ્બર દરમિયાન વિશ્વ પેરા તીરંદાજી સ્પર્ધાનો પ્રારંભ થશે.

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANDVIYA GUJARAT

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે ભાવનગરમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે જાળિયામાં પીએમશ્રી શાળાના વર્ગખંડો , કમ્પ્યુટર લેબ , તળાવ અને રમતગમતના સાધનોનું લોકાર્પણ કર્યું હતું ત્યારબાદ મોટી રાજસ્થળીમાં નવનિર્મિત ગ્રામ પંચાયત કચેરી અને ઘન કચરાના નિકાલ માટે ટ્રેક્ટર ટ્રોલી તેમજ વડીયા ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ તથા વર્ગખંડનું ખાતમુહૂર્ત કર્યું. આજે જન્માષ્ટમી નિમિત્તે શ્રી માંડવિયાએ પાલિતાણા ભવાની માતા મંદિરમાં શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. તેમણે પાલિતાણા તળેટીમાં વીર દાદુ બારોટના સ્મારકનું પણ અનાવરણ કર્યું હતું.

# BIRTH ADVISORY

બાળકના નામ સાથે હવે પિતાનું નામ રાખવું ફરજિયાત રહેશે નહીં. જન્મ અને મરણના પ્રમાણપત્રમાં નામ , અટક અને વાલી ,માતા-પિતાના નામમાં સુધારા અંગે રાજ્યના મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા નવી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. તે અનુસાર , જન્મ પ્રમાણપત્રમાં બાળકના નામમાં પિતાનું નામ Middle Name તરીકે રાખવું હવે વૈકલ્પિક રહેશે. ઉપરાંત, બાળકના જન્મના દાખલામાં પિતાનું નામ હટાવીને માતાનું નામ દાખલ કરવાનું હોય , અને માતા-પિતા બંને બાળક સાથે રહેતા હોય , તો પિતાની લેખિત સંમતિના આધારે જરૂરી સુધારો કરી શકાશે. જો માતા-પિતા છૂટાછેડા લીધેલા હોય અને બાળકની કસ્ટડી માતા પાસે હોય, તો અદાલતના હુકમના આધારે બાળકના જન્મના પ્રમાણપત્રમાં માતાનું નામ અને અટક રાખી સુધારો કરી શકાશે.

જન્મ પ્રમાણપત્રમાં બાળકનું નામ સુધારવાનું હોય અથવા પિતા અને બાળકની અટક અલગ હોય તો જરૂરી આધાર-પુરાવાના આધારે સુધારો થઈ શકશે. મરણ પ્રમાણપત્રમાં મૃતકના નામની પાછળ પિતા કે , પતિનું નામ લખવાનું હોય તો તેને Middle Name તરીકે રાખવું ફરજિયાત નહીં રહે.

# PANSHERIYA SURAT

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ સુરતના કામરેજ વિસ્તારમાં તાપી નદીના કિનારે પૂર્ણ થયેલા પાળાની કામગીરીનું આજે સ્થળ નિરીક્ષણ કર્યું. ગત ચોમાસામાં અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિને કારણે કામરેજ તેમજ આસપાસના નદીકાંઠાના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ધોવાણ થયું હતું , જેના પગલે સ્થાનિક રહેવાસીઓની સુરક્ષા માટે પાળાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. શ્રી પાનશેરિયાએ જણાવ્યું કે આ પાળાના નિર્માણથી નદીકાંઠાના પરિવારોને મોટી રાહત થઈ છે.

**(BYTE: PRAFUL PANCHSHERIYA,**

**MINISTER OF STATE FOR HEALTH**

*હવે જો થોડું પાણી આવ્યું હોત તો બધા જ મકાનો નદીમાં ગરકાવ થઈ જાય. સિંચાઈ વિભાગે તુરંત યુદ્ધના ધોરણે એક મહિના પહેલા અમે ખાતમુહૂર્ત કર્યું હતું અને આજે રક્ષણ માટેની આખો પાળો બની ચૂક્યો છે. જે કરવું પડતું હશે આગળ અહીના કિનારાને અને લોકોના બચાવ માટેના યુદ્ધના ધોરણે કામગીરી કરીશું.*

# CBI DIGITAL ARREST

ગુજરાત સહિત ત્રણ રાજ્યમાં બનેલી 'ડિજિટલ ધરપકડ'ની ઘટનાઓ મામલે કેન્દ્રીય તપાસ સંસ્થા-CBIએ, દેશભરના 89 સ્થળોએ દરોડા પાડ્યા. આ 3 કેસોમાંથી એક કેસ બિટ્સ પિલાની સાથે સંબંધિત છે. આમાં પીડિતને 3 મહિના સુધી ડિજિટલ ધરપકડમાં રાખવામાં આવી હતી અને પોલીસ અધિકારી હોવાનો ઢોંગ કરનારાઓએ તેની સાથે 7 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. અન્ય એક કેસમાં , છેતરપિંડી કરનારાઓએ પીડિતની ગુજરાતમાં 3 મહિના માટે ડિજિટલ ધરપકડ કરી 19 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. ત્રીજો કેસ કર્ણાટક રાજ્ય સાથે સંબંધિત છે , ડિજિટલ ધરપકડ કરી 15 કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહીમાં ત્રણ શખ્સની ધરપકડ પણ કરવામાં આવી છે.

# JANMASHTAMI OVERALL

સમગ્ર રાજ્ય સહિત દેશભરમાં આજે જન્માષ્ટમીની શ્રદ્ધા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ જગત મંદિરમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શને આવી રહ્યા છે. રાત્રે 12 વાગ્યે શ્રીકૃષ્ણ જન્મોત્સવને લઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મધરાત્રિએ શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી સાથે મંદિર પરિસર "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી" ના જયઘોષથી ગૂંજી ઉઠશે.

ડાકોરના રાજા રણછોડજી મંદિર ખાતે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા. શણગાર આરતી દરમિયાન મંદિર પરિસરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પરિસરમાં આશોપાલવના તોરણો લગાવી ભવ્ય શણગાર કરવામાં આવ્યો છે. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું છે. રાત્રે 12 વાગે કૃષ્ણ જન્મની ઉજવણી કરાશે.

અમદાવાદના ઇસ્કોન સહિતના વિવિધ કૃષ્ણ મંદિર અને ભાડજના ઇસ્કોન મંદિરમાં જન્માષ્ટમી નિમિત્તે યુવાનો દ્વારા વિશેષ રીતે રાસલીલાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસર કૃષ્ણના ભજન, કીર્તન અને જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

તો અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ શામળાજી મંદિરે ભક્તિમય માહોલમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી.

સાંભળીએ એક અહેવાલ........

**(VC: ANKIT CHAUHAN)**

*યાત્રાધામ શામળાજી ખાતે કૃષ્ણ જન્મોત્સવને લઈને દર્શનાર્થીઓમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. રાત્રિના બરોબર ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી શામળાજી મંદિર ખાતે થવાની છે, તે પહેલાં ભજન સંગીત સહિતના વિવિધ કાર્યક્રમો શામળાજી મંદિર પરિસરમાં યોજવામાં આવી રહ્યા*

*છે. દૂર દૂરથી આવેલા ભક્તો કાનાના દર્શનની એક ઝલક મેળવવા માટે પણ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ભગવાનના દર્શન કરવા માટે ભક્તોની ભારે લાંબી લાઇન જોવા મળી રહી છે. દર્શનાર્થીઓની સુરક્ષાને લઈને અરવલ્લી જિલ્લા પોલીસનો કાફલો સતત ખડેપગે છે. રાત્રિના બરોબર ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી શામળાજી મંદિર ખાતે થવાની છે. આકાશવાણી માટે અંકિત ચૌહાણ, અરવલ્લી*

**કચ્છમા ભુજ સહીતના સ્થળે ભરાયેલા લોકમેળામાં મોટી સંખ્યા લોકો ઉમટ્યા હતા. વિવિધ સ્થળે શોભા યાત્રા અને મટકી ફોડ ના કાર્યક્રમ યોજાયા. પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના ચોબારી ગામે કૃષ્ણ જન્મોત્સવની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી.**

**તો પંચમહાલમાં વૈષ્ણવ હવેલીઓમાં પણ વિશેષ પૂજન-અર્ચન સાથે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાઈ રહ્યો છે.ગોધરા અને શહેરામાં મરડેશ્વર ધામે જન્માષ્ટમીના લોકમેળા ભરાયા.**

**જન્માષ્ટમી પર્વને લઈને સોમનાથના હરિહર તીર્થ ખાતે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.**

**બોટાદમાં 25 જેટલા ટ્રેક્ટરોમાં વિવિધ ધાર્મિક અને થીમ આધારિત ઝાંખીઓ સાથે ઓપરેશન સિંદૂર અને વ્યસનમુક્તિના સંદેશ આપવામાં આવ્યા.**

**સાબરકાંઠાના ઇડર ખાતે જન્માષ્ટમી  નિમિત્તે પરંપરાગત અને ભાતીગળ લોકમેળો યોજાયો. કૃષ્ણ જન્મોત્સવને લઈને સમગ્ર ઇડર શહેર આસ્થા અને ઉલ્લાસના રંગે રંગાયેલું જોવા મળી રહ્યું છે.**

**બનાસકાંઠા તેમજ વાવ થરાદ જિલ્લામાં જન્માષ્ટમી પર્વને લઈને મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી શક્તિપીઠ અંબાજી, પાલનપુર, ડીસા, થરાદ, દિયોદર સહિત ગામડાઓમાં પણ મટકી ફોડ ના કાર્યક્રમો યોજાયા . જામનગરમાં 20 સ્થળોએ મટકીફોડ અને કાનાને મારુ માખણના આયોજન સાથે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી.**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VALSAD VAN MAHOTSAV

વલસાડ જિલ્લાના પારડીની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી નાણાં મંત્રી કનુ દેસાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવી. આ ઉજવણીમાં "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી વૃક્ષ રથને લીલીઝંડી આપી રવાના કરાયો અને રોપા વિતરણ પણ કર્યું હતું. કાર્યક્રમમાં મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે સામાજિક વનીકરણ વિભાગની વિવિધ યોજનાના લાભાર્થીઓને યોજના સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી દેસાઈએ આબોહવા પરિવર્તન સામે લડવા વૃક્ષારોપણ અને સ્વચ્છતાને જરૂરી ગણાવી.

## (BYTE: KANU DESAI, FINANCE MINISTER)

*હાઈવે નવો બનવાથી જે વૃક્ષોનું છેદન થયું છે તે સમગ્ર વલસાડ જિલ્લામાં વલસાડ થી ઉમરગામ સુધી હાઈવેની બંને બાજુ જે સદ્ભાવના મિશનને કામ આપવામાં આવ્યું છે. એક છોડ માટે ત્રણ વર્ષ સુધી એ લોકો નિભાવ કરશે અને આવા આયોજન સાથે વન વિભાગને સહકાર આપીને એનજીઓ પણ કામ કરે છે અને વન વિભાગ જે રીતે કામ કરી રહ્યું છે એમને પણ ધન્યવાદ આપું છું અને સમગ્ર વનકર્મીઓને અભિનંદન આપું છું.*

# WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ દરમિયાન છૂટાછવાયા સ્થળોએ સામાન્ય વરસાદ પડી શકે છે. જોકે રાજ્યમાં હમણાં ભારે વરસાદની શક્યતા નહિવત છે. આ અઠવાડિયા દરમિયાન રાજ્યમાં વાતાવરણની આવી જ સ્થિતિ રહેશે તેમ ભારતીય હવામાન વિભાગની અમદાવાદ કચેરીના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV,

SCIENTIST, IMD AHMEDABAD)

*आने वाले सात दिनों के लिए फोरकास्ट की बात करेंगे तो गुजरात रीजन में ही साथ ही सौराष्ट्र कच्छ लाइट टू मॉडरेट रेन का पूर्वानुमान है। टोटल जो सिस्टम देखा जाए तो गुजरात स्टेट के आसपास तीन सिस्टम्स हैं, जिसमें एक मानसून ट्रैप है और एक ट्रैप है जो नॉर्थ ईस्ट अरेबियन सी से जा रहा है और एक वेस्टर्न डिस्टरबेंस है, जिसकी पोजीशन 64° ईस्ट लोंगिट्यूड और 32° नॉर्थ लाटीट्यूड।*

# ARCHERY COMPETITION

અમદાવાદમાં આવતીકાલથી 9 સપ્ટેમ્બર દરમિયાન વિશ્વ પેરા તીરંદાજી સ્પર્ધાનો પ્રારંભ થશે. દિવ્યાંગ તીરંદાજો માટે યોજાતી આ સ્પર્ધામાં 19 દેશોના 108 જેટલા તીરંદાજો ભાગ લેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ઔપચારિક રીતે આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરાવ્યું. આ સ્પર્ધામાં ભારત તરફથી પેરિસ 2024 પેરાલિમ્પિક ચેમ્પિયન હરવિન્દર સિંહ , વર્લ્ડ પેરા આર્ચરી ચેમ્પિયન અને પેરાલિમ્પિક પદક વિજેતા શીતલ દેવી, અર્જુન પુરસ્કાર વિજેતા રાકેશ કુમાર અને શ્યામ સુંદર સ્વામી જેવા પ્રખ્યાત ખેલાડીઓ ભાગ લેશે.

આ સ્પર્ધા 2026ની પેરા સિરીઝનો ત્રીજો તબક્કો છે. ચોથો અને અંતિમ તબક્કો ઓક્ટોબરમાં ચિલીના સેન્ટિયાગોમાં યોજાશે. આ સ્પર્ધામાં ભારત, ચીન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, હંગેરી, ઇન્ડોનેશિયા, ઈરાન, કઝાકિસ્તાન, મેક્સિકો, સ્લોવાકિયા, અમેરિકા, ઉઝબેકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, સાયપ્રસ, ચેકિયા, ઇરાક, રશિયા અને શ્રીલંકાના ખેલાડીઓ વચ્ચે મુકાબલો યોજાશે.

# BOTAD KARYAVAHI

બોટાદમાં ગેરકાયદે ફટાકડાનો વેપાર કરતા બે શખ્સ ઝડપાયા છે. પોલીસે શહેરના ગોળ બજારમાં દરોડો પાડ્યો હતો તે દરમિયાન બે શખ્સો પરવાના વિના ફટાકડાનું વેચાણ કરતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસ કુલ પાંચ લાખ 58 હજારની કિંમતનો ફટાકડાનો જથ્થો જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.